વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૬, બીજો-ત્રીજો માળ, જુના સચિવાલય,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલિફોન નં. 079-23251365 ઇ-મેઇલ નં. Commi.trans@gujrat.got.in

નં.ટેક્ષ/વ્યાજ માફી/યોજના/મીટીંગ/ઓન-

તારીખ : 19 JUL 2016.

પ્રતિ,
પ્રમુખશ્રી,
અખિલ ગુજરાત ટ્રક ટાન્સપોર્ટ એસોસીએશન,
૭૫ સહજાનંદ કોમ્પલેક્ષ,સ્વામિનારાયણ મંદિરની સામે, શાહીબાગ,
અમદાવાદ

વિષય : મોટર વાહન ના કરની પધ્ધતિ તથા બાકી કર ઉપર ચડત વ્યાજ માફી યોજના બાબત.

શ્રીમાન,

જય ભારતસહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, ગુજરાત રાજ્યમાં મોટર વાહન કર બે પ્રકારે વસુલ કરવાની જોગવાઇ છે. (૧) લમસમ કર અને (૨) રીકરીંગ વેરો. રાજ્યમાં ગુડ્ઝ વાહનો અને પેસેન્જર વાહનોમાં કર બાકીમાં છે. જે વાહનનો કર ઘણા લાંબા સમયથી બાકી છે તેવા વાહનોમાં વ્યાજની રકમ પણ ઘણી ચડત થયેલ છે. તેવું અત્રેની કચેરીના ધ્યાને આવેલ છે. ચડત વ્યાજ માફીની યોજનાના માપદંડની વિચારણા તેમજ ગુડ્ઝ વાહનોમાં તથા પેસેન્જર વાહનોમાં રીકરીંગ કરને બદલે ઉચ્ચક કર લાગુ કરવા બાબતે વિચારણા, કર ભરવાનો સમય, દંડ, વ્યાજ,વસુલાત અને કર માળખાની ચર્ચા કરવા સારૂ તથા વધુમાં લમસમ કર અને રીકરીંગ વેરાની વિગતો અને મંતવ્યો સાથે તા.૨૫/૦૭/૨૦૧૬ સુધીમાં યોજના પરત્વે આપના પ્રતિભાવ અત્રેની કચેરીને પત્ર તથા ઇ-મેઇલ નં. cottax2016@gmail.com થી મોકલી આપવા વિનંતી છે.

ટ્રાન્સપોર્ટ/ટુરીસ્ટ એસોસીએશનના હોદ્દેદારો સાથે ઉપરોક્ત બાબત તથા એસોસીએશન તરફથી અન્ય મુદ્દાઓ પરત્વે પણ ચર્ચા, વિચારણા, મંતવ્યો, સુચનો રજુ કરવા તા.૨૮/૦૭/૨૦૧૬ ને ગુરૂવારે સમય ૧૨-૦૦ કલાકે માન.અગ્ર સચિવશ્રી બંદરો અને વાહન વ્યવહારના અધ્યક્ષ સ્થાને મીટીંગનું આયોજન બ્લોક નં ૨/ ૮મો માળ કોન્ફરન્સ હોલ સરદાર ભવન નવા સચિવાલય ગાંધીનગર ખાતે રાખેલ છે. જેમાં એસોસીએશનના પાંચ હોદ્દેદારો સાથે હાજર રહેવા વિનંતી છે.

ખાસ ફરજ પરના અધિકારી

નકલ સવિનય રવાના : નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર, બ્લોક નં.૨/૯ માળ,નવા સચિવાલય,ગાંધીનગર